# ફિંગરપ્રીન્ટસ

- *S. K. Choudhary*



***Faces Can Lie…Fingerprints, Never.***

**વ્યક્તિ પોતાના ચહેરાની ઓળખ છુપાવી શકે છે પરંતુ આંગળાની છાપ (ડીઝાઈન) છુપાવી કે બદલી શકતી નથી**

## ફિંગર્પ્રીન્ટ વિજ્ઞાનનો ઈતિહાસ:

સામન્ય લોકો માટે આજે પણ વયક્તિની ઓળખ માટેનું ફિંગરપ્રીન્ટ વિજ્ઞાન એ એક રહસ્ય સમાન છે. વયક્તિની ઓળખ તરિકે ફિંગરપ્રીન્ટનો સૌ પ્રથમ ક્યારે ઉપયોગ થયો તે કહેવું મુશ્કેલ છે. પરંતુ ઈતિહાસની વિગતોના આધારે જાણવા મળે છે કે, માનવ સંસ્કૃતિની શરુઆત અને વિકાસ સાથે ફિંગરપ્રીન્ટનો પણ જાણે-અજાણે ઉપયોગ થયેલ તે જાણવા મળેલ છે.

- ઇશુના જન્મના હજારો વર્ષો પહેલાં માટીના વાસણો (Pottary) ઉપર Maker અને Brand દર્શાવવા ફિંગરપ્રીન્ટનો ઉપયોગ થયેલ જોવા મળેલ છે.
- ઇજીપ્તના રાજા ટૂટેન ખામેનની 3000 વર્ષ જુની કબર ઉપર ફિંગરપ્રીન્ટ જોવા મળેલ છે.
- પ્રાચીન સમયમાં ભીની માટી (Clay Tablet) ઉપર ફિંગરપ્રીન્ટનો Seal તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. જે આજે પણ બ્રીટીશ મ્યુઝીયમમાં સંગ્રહી રાખવામાં આવેલ છે.
- ભરતમાં પણ હાથની હથેલીની છાપનો 'પંજા' તરીકે ઉપયોગ ઘણી સદીઓ સુધી થયેલાનું જાણવા મળેલ છે.

**ફિંગરપ્રીન્ટ વિજ્ઞાનની શોધ અને વિકાસમાં નીચે દર્શાવેલ વૈજ્ઞાનિકોનો ખૂબ જ મહત્વનો ફાળો છે.**




વિલિયમ હર્ષેલ 1858 | ડો. હેનરી ફોલ્ડસ 1880 | ફ્રાન્સીસ ગાલટન 1890 | સર એડવર્ડ હેનરી 1892

## ઈન્ટ્રોડકશન:

- છેલ્લા સો વર્ષથી પણ વધુ સમયથી ફિંગરપ્રીન્ટનો ઉપયોગ  પર્સનલ આઈડેન્ટીફીકેશન માટે કાયદા વિભાગમાં થઈ રહ્યો છે.
- દુનિયાના સર્વપ્રથમ ફિંગરપ્રીન્ટ બ્યુરોની સ્થાપના ભારતમાં કોલકતા ખાતે સન ૧૮૯૭ માં થઈ હતી.
- ભારતના બંધારણની કલમ ૩૦૯ મુજબ ફિંગરપ્રીન્ટ બ્યુરો  કાર્યરત છે.
- સને ૧૯૬૦થી ગુજરાત રાજ્ય ફિંગરપ્રીન્ટ બ્યુરોની સ્થાપના  થયેલ છે.
- સને ૨૦૦૨ સુધી ફિંગરપ્રીન્ટ બ્યુરો પોલીસ વિભાગ સાથે સંલગ્ન રહી કાર્યરત હતુ.
- ઓગસ્ટ ૨૦૦૨ થી ફિંગરપ્રીન્ટ બ્યુરોને ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સના નિયંત્રણ હેઠળ મુકવામાં આવેલ છે.

# <u>ફિંગરપ્રીન્ટ:</u>

- ફિંગરપ્રીન્ટ વિજ્ઞાનનો આધાર, કુદરતે માનવજાતિ ને આપેલ હથેળી અને  પગના તળીયા ઉપર એક અદભુત, ચમત્કારી ત્વચા ઉપર રહેલો છે. જેને Friction Skin કહેવામાં આવે છે. આ ત્વચા બારીક અને ઉપસેલી રેષાઓથી છવાયેલી હોય છે. જે Ridges તરીકે ઓળખાય છે.




- આ રેષાઓ ગર્ભાવસ્થાના ડોઢથી બે માસના ગાળા દરમ્યાન શીશુની ત્વચા ઉપર પ્રગટ થવા લાગે છે. અને ચાર માસ પછી  સંપૂર્ણ વિકાસ પામે છે.
- ફિંગરપ્રીન્ટ એક એવો વણલખાયેલ ધર્મગ્રન્થ છે જેને કુદરતે પોતે માનવજાતિના આંગળા અને હથેલી ઉપર છાપી દીધો છે. ફિંગરપ્રીન્ટ એ  ઇશ્વરની પ્રતિકૃતિ છે.
- કુદરતે આપેલ એક અણમોલ ભેટ
- વ્યક્તિની કાયમી અને સચોટ ઓળખનું માધ્યમ
- જન્મ થી મરણ સુધી અપરિવર્તનશીલ
- હાથની હથેળી, આંગળા ઉપરની વિશિષ્ઠ ત્વચા અને રેષાઓનું મહત્વ – **લુબ્રીકેશન, સ્પર્શ જ્ઞાન, વસ્તુની પકડ.**


**ફિંગરપ્રીન્ટ વિજ્ઞાનના બે મુળભુત સિધ્ધાંતના આધારે કોર્ટમાં તેને સચોટ પુરાવા તરીકે માન્યતા આપવામાં આવેલ છે.**

## <u>ફિંગરપ્રીન્ટ વિજ્ઞાનના બે મુળભુત સિધ્ધાંતો :-</u>

1. કોઈ પણ બે છાપ ત્યારે જ અરસ-પરસ એક બીજાને મળતી આવે છે કે જ્યારે તે છાપ તે જ વ્યક્તિની તે જ આંગળીની છાપ ફરીથી લેવામાં આવી હોય.
2. વ્યક્તિની હાથની હથેલી, અંગુઠા, આંગળા તેમજ પગના તળીયા ઉપર જોવા મળતી બારીક રેષાઓ કે જે પોતાની આગવી વિશિષ્ઠતાઓ ધરાવે છે તે કાયમી, સતત અને વ્યક્તિગત હોય છે. જન્મથી મરણ સુધી તેમાં કોઈ ફેરફાર થતો  નથી.







# ફિંગરપ્રીન્ટ

•શકિતશાળી કુદરતે દરેક વ્યકિતને એક વિશિષ્ટ ફિંગરપ્રીન્ટ આપીને એવું અદભુત આયોજન કર્યુ છે કે દુનિયાની કોઇપણ બે વ્યકિતની ફિંગરપ્રીન્ટ સરખી હોતી નથી.

•ફિંગરપ્રીન્ટ એ કુદરતે આપેલ કાયમી મહોર (Seal) છે.

•આંગળીઓ, અંગુઠા, હથેળી અને પગના તળીયા ઉપર આવેલ Friction Skin ,બારીક રેષાઓ – Ridges થી છવાયેલી છે. આ બારીક રેષાઓ આંગળાના ટેરવાઓ ઉપર વિશિષ્ઠ પ્રકારની ડીઝાઈન બનાવે છે જે આર્ચ, શંખ, ચક્ર,મીશ્ર ( arch, loop, whorl, composite) વિગેરે પેટર્ન તરીકે દેખાય છે.



આર્ચ્ /Arch


શંખ /Loop


ચક્ર /Whorl


મીશ્ર /Composite

## ફિંગરપ્રિન્ટની વિવિધ પેટર્ન








- **આર્ચ-** આ આકૃતિમા રેષાઓ એક બાજુથી બીજુ બાજુ તેની તેજ દિશામાં પાછા વગર જાય છે. તેમા ડેલ્ટા કે કોર હોતા નથી. કોઇ વખત કોર અને ડેલ્ટા જેવુ દેખાય,પરંતુ કોર અને ડેલ્ટા વચ્ચે એક પણ રેષા ન હોય તેને આર્ચ કહેવાય.
- **ટેન્ટેડ આર્ચ** - આ આકૃતિમા પણ રેષાઓ એક બાજુથી બીજુ બાજુ તેની તેજ દિશામાં પાછા વગર જાય છે. પરંતુ વચ્ચે ની રેષાઓ ઉપરની તરફ ઉછળેલી જોવા મળે છે,અને આકૃતિનો સમગ્ર આકાર તંબુ જેવો દેખાય છે. તેમા ડેલ્ટા કે કોર હોતા નથી.

**<u>લુપ્સ ( શંખાકૃતિ)</u>**



**લુપ્સ** – આ આકૃતિમાં રેષાઓ એક તરફથી નીકળી મધ્યમા જઇ તેની તેજ દિશામાં પાછી ફરે છે. તેમા એક ડેલ્ટા અને એક કોર હોય છે.

**<u>વ્હર્લ (ચક્રાકૃતિ):</u>**






**આ પ્રકારની આકૃતિમાં મધ્યમાં ઓછામાં ઓછુ એક ગોળ સર્કલ હોય છે. તેમજ ઓછામાં ઓછા બે ડેલ્ટા હોય છે.**

## કોમ્પોઝીટ( મિશ્રાકૃતિ)

આ આકૃતિમાં આર્ચ, લુપ્સ અને વ્હર્લની રેષાઓ જોવામાં આવે છે. આ આકૃતિમાં બે થી વધુ ડેલ્ટા હોય છે. આમાં ઉપરોક્ત ત્રણે આકૃતિઓનું મિશ્રરુપ હોવાથી તેને મિશ્રાકૃતી કહેવામાં આવે છે. તેનાં ચાર પ્રકાર છે.:-



ટ્વીન્ડ લુપ



લેટરલ પોકેટલુપ




સેન્ટ્રલ પોકેટલુપ



એક્સીડેન્ટલ લૂપ

## RIDGE CHARACTERISTICS/MINUTIAE



## ફિંગરપ્રીન્ટ લેવાનો હેતુ:

- વ્યક્તિની ઓળખ નક્કી કરવા માટે. (Id card, License, Pass port etc)
- પોલીસે અટક કરેલ તહોમતદાર, અગાઉ કોઈ ગુન્હામાં સંડોવાયેલ છે કે કેમ ? અથવા કોઈ ગુન્હામાં સજા પામેલ છે કે કેમ ?
- ગુન્હાના સ્થળેથી મળી આવેલ ફિંગરપ્રીન્ટ-ચાન્સપ્રીન્ટ સાથે સરખામણી કરી તેની ઓળખ નક્કી કરવા માટે.
- કોર્ટમાં કાયદાકીય કાર્યવાહીમાં તહોમતદારની ઓળખના પુરાવા માટે.
- કાયદાની જોગવાઈ મુજબ ફિંગરપ્રીન્ટ બ્યુરો ખાતે રેકોર્ડ રાખવા માટે.
- મહત્વના દસ્તાવેજો જેવા કે, વેચાણ દસ્તાવેજ, પાવર ઓફ એટર્ની, વીલ, સોગંદનામા વિગેરે કોર્ટમાં રજીસ્ટ્રેશન વખતે વ્યક્તિની ઓળખ માટે અંગુઠાની છાપ લેવામાં આવે છે.

### જાહેર સેવાની ઘણી શાખાઓમાં ફિં.પ્રી.ની જરુરિયાતો

- ફિં.પ્રી.એ જાહેર સેવાની શાખાઓમાં ઓળખ માટે ઘણી જ ઉપયોગી છે. જ્યાં દેશોમાં વધુ પડતા લોકો અભણ હોય અગર જ્યાં ગુન્હાઓનું પ્રમાણ વધુ પડતુ હોય અને ફોજદારી કયદાઓની આંટીઘૂંટીઓમાંથી ગુન્હાહિત તત્વો છટકી જતા હોય .
- (૧)પેન્શરો માટે (૨) મીલીટરી માટે (૩)સ્થાવર મિલ્કતોના રજીસ્ટ્રેશન માટે (૪) પોસ્ટખાતા માટે (૫) મેડિકલ સર્ટી માટે (૬) પાસપોર્ટ માટે (૭) અજાણી વ્યકિતની લાશની ઓળખ માટે (૮)વિમા કંપનીમાં – વિમો ઉતરાવતી વખતે અને આકસ્મિક મૃત્યુ સમયે જો વ્યકિતની છાપ લેવાય તો તરજ નક્કી થઇ શકે કે વિમો ઉતરાવનાર જ વ્યકિત જ મૃત્યુ પામેલ છે.
- જગતના તમામ માણસોની નંબર પ્લેટ તેની ફિંગરપ્રીન્ટ છે, આ ટ્રેડ માર્ક કુદરતે આપેલ છે.
- ફિંગરપ્રીન્ટ એ એવું ઓળખકાર્ડ છે, જે ચોરાઇ જતુ નથી, ખોવાઇ જતુ નથી, તેને મુકવા કોઇ વ્યવસ્થાની જરુર નથી, તે હંમેશા આપણી સાથે જ રાખી શકાય છે.

## ફિંગરપ્રીન્ટ બ્યુરો ની મુખ્ય કામગીરી:

- સજા પામેલ ગુનેગારોની ફિં.પ્રી.રેકોર્ડ સ્લીપોની જાળવણી.
- સજા પામેલ ગુનેગારોના એસ.ડી.રેકોર્ડની જાળવણી.
- રોજરોજ પકડાતા ગુનેગારોની આંગળાની છાપોની સરખામણી.
- ભાગેડુ અને વોન્ટેડ ગુનેગારોના રેકોર્ડની જાળવણી.
- અજાણી લાશોની આંગળાની છાપોની સરખામણી.
- દસ્તાવેજ ઉપરની તકરારી છાપોનું પરીક્ષણ અને નમુનાની છાપો સાથે સરખામણી કરી અભિપ્રાય આપવો.
- ચોરી,ઘરફોડ ચોરી,ખૂન,લૂંટ,ધાડ વગેરે ગુનાઓમાં,ગુનાના સ્થળની મુલાકાત લઇ,ડીસ્ટર્બ આર્ટીકલ્સ ઉપરથી ચાન્સ પ્રીન્ટ ઉપસાવવી.
- ક્રાઇમ સીન ઉપરથી મળી આવેલ ચાન્સ પ્રીન્ટનું પરીક્ષણ કરી તેનું રેકોર્ડ સાથે તેમજ સસ્પેકટની છાપો સાથે સરખામણી કરી તેનો અભિપ્રાય આપવો.
- કાયદાની કોર્ટમાં ન્યાયની પ્રક્રિયામાં ગુનેગારોની સાચી ઓળખ સાબિત કરવા માટે ફિં.પ્રી.નો અભિપ્રાય એક મહત્વનો પુરાવો છે.

# આંગળાની છાપો તૈયાર કરવાની રીત:

- જે નિયત ફોર્મમાં આંગળાની છાપો લેવામાં આવે છે તેને ફિંગરઈમ્પ્રેસન સ્લીપ(Finger impression slip) કહેવામાં આવે છે.
- આંગળાની છાપો બે રીતે લઈ શકાય છે.
- મેન્યુલી : બ્લેક પ્રીન્ટર્સ સ્યાહીથી નિયત ફોર્મમાં
- પેપરલેસ પધ્ધતિ : ઈલેકટ્રોનિક પધ્ધતિથી એટલે કે લાઈવ સ્કેનર દ્વારા સ્કેન કરી સીધે સીધી કોમ્પ્યુટરમાં સંગ્રહ કરી શકાય છે.

## આંગળાની છાપો બે પ્રકારે લેવામાં આવે છે.

૧. ફેરવીને લીધેલ છાપો  ૨. સાદી છાપો

**ફેરવીને લીધેલ છાપો :-**

સૌ પ્રથમ સ્લેબ/પ્લેટ ઉપર રબર રોલર વડે બ્લેક પ્રીંન્ટીંગ ઈન્કનો એક સરખો બને તેટલો પાતળો થર તૈયાર કરવો પછી જે આંગળાની છાપ લેવાની હોય તે આંગળાનો પહેલા વેઢાનો ફેઈસ વાળો ભાગ પ્લેટ ઉપર નખના એક છેડાથી બીજા છેડા સુધી ફેરવી સ્યાહી લગાડવી ત્યારબાદ ફોર્મ ઉપર યોગ્ય આસનમાં જે તે આંગળાની છાપો ફેરવીને લેવાથી તે સ્પષ્ટ અને ડાઘા વગરની આવશે. આમ દસે દસ આંગળાની છાપો તૈયાર કરવાની હોય છે.

**સાદી છાપો :-**

સાદી છાપો લેવા માટે જે હાથના (ડાબો/જમણો) આંગળીઓની સાદી છાપ લેવાની હોય તે આંગળીઓને સ્લેબ/પ્લેટ ઉપર એકી સાથે સપાટ મુકવી અને ચારેય આંગળીઓ એકી સાથે ફોર્મ ઉપર જે તે આસનમાં મુકવી અને બન્ને અંગુઠા તે પછી મુકવા.

ફેરવીને લીધેલી છાપ તેની તે જ જગ્યાએ જે તે આસનમાં ખરી લેવામાં આવેલ છે કે કેમ ? તેની ખાત્રી કરવા માટે સાદી છાપો લેવામાં આવે છે.

## મેન્યુલી આંગળાની છાપો લેવાની રીત :

- **સાફ અને સ્વચ્છ સ્લેબનો ઉપયોગ કરો.**
- **ઓછામાં ઓછી સ્યાહીનો ઉપયોગ.**
- **છાપો લેતી વખતે આંગળા ઉપર ઓછુ દબાણ.**
- **જમણા અને ડાબા હાથના દસ આંગળાઓની ક્રમસ: ફોર્મના ખાણા મુજબ લેવી**
- **જેની છાપો લેવાની છે તેના હાથ પાણીથી બરાબર ધોવડાવી સાફ કરાવવા.**
- **આંગળાની છાપો ફેરવીને (Rolled) અને સાદી (plain) લેવાની હોય છે.**

**આંગળાની છાપો લેવાના સાધનો**




આંગળા ફેરવીને છાપ લેવામાં આવે છે




**સાદી છાપો (Plain prints) :**



<u>હથેળીની છાપો (પંજાની છાપો)</u>





## હથેળીની છાપો
(PALM PRINTS)




તહોમતદારનું નામ:
પો. સ્ટે. ગુ.ર. નં. અને કલમ:

પો. સ્ટે. અમલદારની
સહી

ડાબા પગના
તળીયાની છાપ



જમણા પગના
તળીયાની છાપ



તહોમતદારનું નામ:
પો. સ્ટે. ગુ.ર. નં. અને કલમ:

પો. સ્ટે. અમલદારની
સહી

# આંગળાની છાપો લેવા અંગે કાયદાની જોગવાઈ :-

**આઈડેન્ટીફીકેશન ઓફ પ્રીઝનર્સ એક્ટ ૧૯૨૦**

**કલમ – 3** મુજબ કોર્ટ દ્વારા સજા પામેલ ગુન્હેગારોની આંગળાની છાપો લેવામાં આવે છે.

**કલમ – ૪** મુજબ પો.સ્ટેશનમાં કોઈ ગુન્હા સબબ પકડાયેલ તહોમતદારોના આંગળાની છાપો લેવામાં આવે છે.


**કલમ – ૫** મુજબ ગુન્હાની તપાસ દરમ્યાન ઈનવેસ્ટીગેશન અને પ્રોસીડીંગ હેતુ માટે આંગળાની છાપો લેવામાં આવે છે.

**કલમ – ૬** મુજબ ઉપર દર્શાવેલ કલમ ૩,૪,૫ મુજબ આંગળાની છાપો આપવા માટે કોઈ વ્યક્તિ ના પાડે તો કલમ ૬ મુજબ તેની છાપો બળ-જબરીથી લઈ શકાય છે તેમજ તેની વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૧૮૬ મુજબ કાયદાકીય કાર્યવાહી કરી શકાય


## <u>ફિંગર ઈમપ્રેસન સ્લીપ બે પ્રકારની હોય છે :</u>

1. સર્ચ સ્લીપ
2. રેકોર્ડ સ્લીપ

**સર્ચ સ્લીપ :-** જ્યારે કોઈપણ તહોમદારને ફિંગરપ્રીન્ટ શેડ્યુલમાં આવતી કાયદાની કલમ હેઠળ પકડવામાં આવે ત્યારે તપાસ કરનાર અમલદાર આવા તહોમતદારની સર્ચ સ્લીપો, ફિંગરપ્રીન્ટ ઓપરેટર દવારા તૈયાર કરાવે છે તેમજ તે સર્ચ સ્લીપ ઉપર તહોમતદારની પુરી વિગત જેવી કે નામ, બાપનું નામ, સરનામુ, અટક કર્યા તારીખ, ગુના રજી. નં., કલમ, સ્લીપ લીધા તારીખ, ઓપરેટરની સહી અને તપાસ કરનાર અમલદારની સહી વિગેરે.



**રેકોર્ડ સ્લીપ :-** જ્યારે કોઈપણ તહોમતદારને કોર્ટમાં સજા થાય ત્યારે તેની જે ફિંગર ઈમપ્રેશન સ્લીપ (આંગળાની છાપો) તૈયાર કરવામાં છે તેને રેકોર્ડ સ્લીપ કહેવામાં આવે છે. આ રેકોર્ડ સ્લીપમાં આંગળાની છાપો ઉપરાંત, સજા પામેલ ગુન્હેગારનું પુરેપુરુ નામ સરનામુ, કોર્ટનું નામ, સજાની તારીખ, કલમ, સજાની વિગત, પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર વિગેરે જરૂરી વિગતો ભરવામાં આવે છે. અને આ રેકોર્ડ સ્લીપો રાજ્યના ફિંગરપ્રીન્ટ બ્યુરો તરફ રેકોર્ડ અર્થે મોકલવામાં આવે છે.


(C. R. P. V.-192)-321-9-99-3000
H. D. Memo No. PHQ-1067-4009-G, dated 4-5-75

P. M. 61 e. & g. (Revised)

INDIAN UNION ભારતીય સંઘ
STATE રાજ્ય

FINGER PRINT RECORD SLIP
આંગળાના છાપ દફતર માટેના સ્લીપ

CLASSIFICATION NO.
વર્ગીકરણ નંબર

(Right hand Rolled Prints) (જમણા હાથની ફેરવીને લીધેલ છાપો)

| Thumb અંગૂઠો | Index તર્જની | Middle મધ્યમા | Ring અનામિકા | Little કનીષ્ઠિકા |
|---|---|---|---|---|

(Left hand Rolled Prints) (ડાબા હાથની ફેરવીને ...)

| Thumb અંગૂઠો | Index તર્જની | Middle | અનામિકા | Little કનીષ્ઠિકા |
|---|---|---|---|---|

FPB - GUJARAT
10699084

(Fold) plain prints of Index, middle, Ring & Little Fingers taken simultaneously. તર્જની, મધ્યમાં, અનામિકા અને કનીષ્ઠિકા આંગળાઓની એકી સાથે લીધેલ સાદી છાપો (વાળવા માટે)

LEFT ડાબો RIGHT જમણો

(2) Signature of Magistrate Gazetted Officer / Officer in verification of the fact that the impression above were taken before him and that they are impression of the convict name on the reverse.

Date તારીખ

CRIMINAL NO.
200480500505

Signature and rank of Officer સહી અને અધિકારીની શ્રેણી

(3) Result of search ref : Traced/Untraced Date....... Name of F. P. B.......
(4) Impression taken by છાપ લેનાર....... Rank શ્રેણી....... Date તારીખ....... Place જગા.......
District જિલ્લો.......
(5) Tested by ચકાસનાર....... Rank શ્રેણી....... Date તારીખ....... Place જગા.......
District જિલ્લો.......
(6) Classified by વર્ગીકૃત કરનાર....... Date તારીખ.......
(7) Tested by ચકાસનાર....... Date તારીખ.......
(8) Indexed by ક્રમ આપનાર....... Date તારીખ.......
(9) Recorded by દફતરે તપાસ કરનાર....... Date તારીખ.......

THUMBS SIMULTANEOUSLY
બન્ને અંગૂઠા સાથે લેવા

LEFT ડાબો RIGHT જમણો

કોઈ તહોમતદારને ગુના સબબ કોર્ટ દ્વારા સજા કરવામાં આવે ત્યારે જે નિયત ફોર્મમાં તેના આંગળાની છાપો લેવામાં આવે છે તેને **ફિંગરપ્રીન્ટ રેકોર્ડ સ્લીપ** કહેવામાં આવે છે.

## વણઓળખાયેલ અજાણી લાશની(ડેડ બોડી) આંગળાની છાપો.:

મૃત વ્યક્તિની લાશની આંગળાની છાપો નીચે દર્શાવેલ સંજોગોમાં લેવામાં આવે છે :

1. જ્યારે કોઈ વ્યક્તિનું ખુન થયુ હોય ત્યારે તેના આંગળાની છાપો અને સંપુર્ણ પંજાની છાપો ન્યાયિક પ્રક્રિયા અનુસંધાને લેવી જરૂરી છે. મરનાર વ્યક્તિ જો અજાણી હોય તો તેની ઓળખ પ્રસ્થપિત કરી શકાય છે.
2. મળી આવેલ કોઈ પણ અજાણી લાશની આંગળાની છાપો અને સંપુર્ણ પંજાની છાપો આવશ્યકપણે લેવાની હોય છે.
3. કોઈ અકસ્માતમાં શંકાશીલ સ્થિતિમાં કોઈનું મૃત્યુ થયુ હોય ત્યારે મૃત વ્યક્તિની આંગળાની છાપો અને સંપુર્ણ પંજાની છાપો લેવી જરૂરી છે.

## ડેડ બોડીની ફિંગરપ્રીન્ટ સ્લીપ તૈયારકરવા બાબત:

- ફિંગરપ્રીન્ટ સ્લીપ તૈયારકરવાની જવાબદારી ફિંગરપ્રીન્ટ ઓપરેટર તેમજ ચીફ ઓપરેટરની છે.
- પો. સ્ટે.ના ફિંગરપ્રીન્ટ ઓપરેટર્રને ડેડ બોડીની ફિંગરપ્રીન્ટ સ્લીપ લેવાની તાલીમ ચીફ ઓપરેટરે આપવાની હોય છે.
- અક્કડ થઈ ગયેલ અથવા કોહવાઈગયેલ લાશની આંગળાની છાપો લેવા માટે ઘણી વખત આંગળા કાપવા પડતા હોય છે અથવા આંગળાની ચામડી કાઢવી પડે છે.
- આંગળા કાપવા અથવા આંગળાની ચામડી કાઢવા માટે મેડીકલ ઓફીસરની મદદ લેવાની હોય છે. કાપેલ આંગળા અથવા ઉતારેલ ચામડી અલગ-અલગ ૧૦ બોતલમાં મુકી, તે બોતલ ઉપર આંગળીના નામ પ્રમાણે લેબલ લગાડવા જરૂરી છે.

આંગળાની છાપો, હથેળીની છાપો અને પગના તળીયાની છાપો વ્યક્તિની ઓળખ માટેનું સચોટ અને અત્યંત વિશ્વસનીય માધ્યમ છે. ગુન્હેગારોની આંગળાની છાપો પોલીસ સ્ટેશનમાં/ કોર્ટ કે જેલમાં લેવામાં આવતી હોય છે જે પ્રાયમરી અને પાયાની મહત્વની કડી છે. જે ગુન્હેગારની ઓળખ સાબિત કરવા માટે, ગુન્હો શોધવા માટે અને ન્યાયની અદાલતમાં ઠોસ પુરાવો પુરો પાડી મહત્વનો ભાગ ભજવે છે.

**પોલીસ સ્ટેશન ઓનલાઈન ફિંગરપ્રીન્ટીંગ સીસ્ટમ**

વર્તમાન સમયમાં પોલીસ સ્ટેશન સ્તરે ગુનેગારોની આંગળાની છાપો પેપર સ્લીપ ઉપર તૈયાર કરવામાં આવે છે. અત્યારની પ્રક્રિયા મુજબ ગુનેગારની અટક થયા બાદ, તેની ફિંગર ઈમ્પ્રેશન સ્લીપને અલગ-અલગ પ્રક્રિયાથી પસાર થવું પડે છે. પ્રથમ પો. સ્ટે., પછી પોલીસ ચીફ ઓપરેટર કચેરી અને તે પછી ફિંગરપ્રીન્ટ યુનીટમાં સબમીશન અને ડીજીટાઈઝેશન માટે મળે છે. આ સમગ્ર પ્રક્રિયાને કારણે સર્ચ પરિણામ મેળવવામાં વિલંબ થાય છે.

ગુનેગારોની આંગળાની છાપો મેન્યુલી પેપર ઉપર લઈ મોકલવાના બદલે અમદાવાદ શહેરના તમામ પો. સ્ટે.થી લાઈવ સ્કેનીંગથી સોફ્ટ ઇમેજ, ઓનલાઇન સીધે સીધી સેન્ટ્રલ એફીસ, ડીએફએસ, ગાંધીનગર તરફ મોકલાવી તેના સર્ચીંગ પરિણામ સત્વરે મેળવી શકાય તે હેતુસર ડીએફએસ, ગાંધીનગર ખાતેના હાલના એફીસ સીસ્ટમને

વેબ બેઝ્ડ સોલ્યુશનથી સજ્જ કરી તેનુ અધ્યતન વર્ઝનમાં રૂપાંતરણ કરવામાં આવ્યુ  છે. દરેક પોલીસ સ્ટેશનને, ગુન્હેગારોની આંગળાની છાપો લેવા માટે, પો. સ્ટે.માં હાલના ઉપલબ્ધ કોમ્પ્યુટરમાં જરૂરી સીસ્ટમ ગોઠવી, લાઈવ સ્કેનર અને વેબ કેમેરાનું જોડાણ કરી સીસ્ટમ કાર્યવંત કરવામાં આવેલ છે.

## લાઈવ સ્કેન દ્વારા છાપ લેવાની રીત :

તહોમતદારની આંગળાની છાપ પેપર ઉપર પ્રીન્ટર્સ ઈન્ક દ્વારા લેવાને બદલે હવેથી ન્યુ ટેકનોલોજી અંતર્ગત લાઈવ સ્કેનર દ્વારા જીવંત છાપની સાથે તહો.નો ફોટો પણ લેવાની પધ્ધતિ કાર્યરત કરવામાં આવેલ છે.

ઈલેક્ટ્રોનિક પધ્ધતિ





ફિંગરપ્રીન્ટ લેવા માટેની લાઈવ સ્કેન ડીવાઈસ

**ચાન્સપ્રીન્ટ  (Chance print)**

વિવિધ પ્રકારના ગુન્હાઓ જેવા કે, ચોરી, ઘરફોડચોરી, ખુન, લૂંટ, ધાડ, અપહરણ, વ્હીકલ ચોરી વિગેરેમાં ગુન્હેગાર જે જે વસ્તુઓને અડકે છે તે વસ્તુઓ ઉપર તેના હાથના આંગળાના, હથેળીના અથવા પગના તળીયાની છાપોના નિશાન છપાઈ જાય છે. આ નિશાન જે તે વ્યક્તિની ગુન્હાના સ્થળે તેની હાજરી પુરવાર કરે છે. ગુન્હાના સ્થળેથી મળી આવતી આવી છાપોને **ચાન્સપ્રીન્ટ** કહેવામાં આવે છે.



## ફિંગર ઈમ્પ્રેશન સ્લીપ અને ચાન્સપ્રીન્ટ
(Finger impression slip & Chance print)

| ક્રમ | ફિંગર ઈમ્પ્રેશન સ્લીપ | ચાન્સપ્રીન્ટ |
|---|---|---|
| ૧ | આવી છાપો તૈયાર કરવા માટે વ્યક્તિની શારીરિક હાજરી આવશ્યક છે. | જેની છાપ ઉપસાવવામાં આવે છે તેની હાજરી હોતી નથી |
| ૨ | આવી છાપો વ્યક્તિની હાજરીમાં તેના આંગળાઓ ઉપર પ્રીન્ટીંગ ઈન્ક લગાડી લેવામાં આવે છે. | આવી છાપો વિવિધ આર્ટીકલ્સની સતહ ઉપરથી પાવડર/કેમીકલનો ઉપયોગ કરી ઉપસાવવામાં આવે છે. |
| ૩ | આવી છાપો નિયત ફોર્મમાં લેવામાં આવે છે. | આવી છાપો વિવિધ આર્ટીકલ્સની સતહ ઉપરથી ઉપસાવ્યા પછી તેના ફોટોગ્રાફ લેવામાં આવે છે. |
| ૪ | આવી છાપો ફિંગરપ્રીન્ટ ઓપરેટર દ્વારા પો. સ્ટેશન/કોર્ટ/જેલમાં લેવામાં આવે છે. | આવી છાપો ફિંગરપ્રીન્ટ એક્ષપર્ટ દવારા ગુન્હાનાસ્થળેથી શંકાસ્પદ આર્ટીકલ્સની સતહ ઉપરથી ઉપસાવવામાં આવે છે. |
| ૫ | આવી છાપો દવારા ઓળખાયેલ ગુન્હેગારની અન્ય ગુન્હાઓમાં સંડોવણી તેમજ તેનો પુર્વ ઈતિહાસ જાણી શકાય છે. તદીપરાંત સજા પામેલા અને રીઢા ગુન્હેગારોનો આવો રેકોર્ડ સંગ્રહવામાં આવે છે. | આવી છાપો દ્વારા વણઓલખાયેલ ગુન્હેગારની ઓળખ પ્રસ્થાપિત થાય છે તેમજ ન્યાયની અદાલતમાં તેનો ગુન્હો સાબીત કરવામાં એક મહત્વનો પુરાવા તરીકે ઉપયોગી થાય છે, |

## <u>ગુન્હાના સ્થળે ત્રણ પ્રકારની ચાન્સપ્રીન્ટ જોવા મળે છે :</u>

**૧.** પ્લાસ્ટીક પ્રીન્ટ      **૨.** વીઝીબલ પ્રીન્ટ      **૩.** ઈનવીઝીબલ પ્રીન્ટ (લેટેન્ટ પ્રીન્ટ)

**પ્લાસ્ટીક પ્રીન્ટ :**

આવી ચાન્સપ્રીન્ટ સાબુ, કાદવ, ડામર, મીણબતી, મીણ, ચીકણા પદાર્થો વિગેરે ઉપર જોવા મળે છે. આવી પ્રીન્ટો સીધેસીધી જોઈ શકાતી હોય છે.

**વીઝીબલ પ્રીન્ટ :**

આવી ચાન્સપ્રીન્ટ લોહી, સ્યાહી કલર, પેઈન્ટ, ધુળ વિગેરેથી ખરડાયેલી આંગળીઓની પ્રીન્ટ આર્ટીકલ્સની સતહ ઉપર જોવા મળે છે. આવી પ્રીન્ટો સીધેસીધી નરી આંખે જોઈ શકાતી હોય છે.

**ઈનવીઝીબલ પ્રીન્ટ (લેટેન્ટ પ્રીન્ટ) :**

આવી ચાન્સપ્રીન્ટને ઈનવીઝીબલ કે લેટેન્ટ પ્રીન્ટ તરીકે ઓળખવામાં આવે છે. લેટેન્ટ શબ્દ લેટીન છે જેનો અર્થ અદૃશ્ય છાપ થાય છે. જે નરી આંખે જોઈ શકાતી નથી. શરીરમાંથી સતત નિકળતા પરસેવાના કારણે આર્ટીકલ્સની સતહ ઉપર આંગળાઓની છાપોના અદૃશ્ય નિશાન રહી જતાં હોય છે. આવી છાપોને વીઝીબલ કે દૃશ્યમાન કરવા માટે વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા કેમીકલ/પાવડરનો ઉપયોગ કરવામાં આવે છે.

## <u>ઈનવીઝીબલ કે લેટેન્ટ પ્રીન્ટોને ઉપસાવવા કે ડેવલપ કરવા માટે વિવિધ વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ થાય છે.</u>

૧. વિવિધ પાવડરોનો ઉપયોગ

૨. આયોડીન ફ્યુમીંગ પ્રોસેસ

૩. સીલવર નાઈટ્રેટ

૪. નીનહાઈડ્રીન

૫. સાયનોએક્રીલેટ ફ્યુમીંગ પ્રોસેસ

## ઈનવીઝીબલ (લેટેન્ટ) પ્રીન્ટોને ડેવલપ કરવા માટે સામાન્ય રીતે વિવિધ વૈજ્ઞાનિક પાવડરોનો ઉપયોગ કરવામાં આવે છે.

1. બ્લેક પાવડર (ગ્રેફાઈટ, ચારકોલ)
2. ગ્રે પાવડર (એલ્યુમીનીયમ, સીલ્વર)
3. યુનિવર્સલ પાવડર (મરક્યુરી/પારો)
4. વિવિધ કલરના મેગ્નેટીક પાવડર
5. વિવિધ કલરના ફલોરેસન્સ પાવડર

ઈનવીઝીબલ ચાન્સપ્રીન્ટોને ડેવલપ કરવા માટે ડીસ્ટર્બ આર્ટીકલ્સની સતહ ઉપર, યોગ્ય પાવડરનો છંટકાવ કરવામાં આવે છે. આ માટે અલગ-અલગ બ્રશ જેવા કે, કેમલ હેયર બ્રશ, ફીધર બ્રશ, ફાયબર બ્રશ, મેગ્ના બ્રશ વિગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

આમ ઉપરોક્ત પધ્ધતિના ઉપયોગથી ઈનવીઝીબલ પ્રીન્ટો વીઝીબલ (દ્રશ્યમાન) બને છે અને તેના ફોટા પાડી લેવામાં આવે છે. આ ફોટામાંની પ્રીન્ટની સરખામણી કોમ્પ્યુટરાઈઝ્ડ ફિંગરપ્રીન્ટ ડેટાબેઝ સાથે કરવામાં આવે છે. તે પ્રીન્ટ જો રેકોર્ડ સાથે મેચ/આઈડેન્ટીકલ થાય તો ગુન્હેગારની ઓળખ પ્રસ્થાપિત થાય છે અને ગુન્હો ડીટેક્ટ થાય છે એટલે કે ગુન્હાના સ્થળેથી મળી આવેલ ચાન્સપ્રીન્ટના આધારે ગુન્હેગારની ઓળખ નક્કી થતા તે ગુન્હેગારને અટક કરવામાં આવે છે અને કોર્ટમાં તેના ઉપર કેસ ચલાવવામાં આવે છે જ્યાં ચાન્સપ્રીન્ટ (ફિંગરપ્રીન્ટ)ને એક મહત્વના પુરાવા તરીકે સ્વીકાર કરવામાં આવે છે.

## કોમ્પ્યુટરાઈઝ્ડ ઓટોમેટેડ ફિંગરપ્રીન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ:

**Automated Fingerprint Identification System (AFIS)**

### AFIS in Gujarat

ગુજરાતના ફિંગરપ્રીન્ટ બ્યુરો માટે કોમ્પ્યુટરાઈઝ્ડ એફીસ સીસ્ટમ એપ્રિલ ૨૦૦૪માં વસાવવામાં આવેલ અને ડીએફએસ, ગાંધીનગર ખાતેના સેન્ટ્રલ સીસ્ટમને રાજ્યના તમામ જીલ્લાઓ સાથે ઓન લાઈન જોડાણથી કાર્યરત કરવામાં આવેલ છે.




**AFIS (એફીસ) : ઓટોમેટેડ ફિંગરપ્રીન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ**

**FACTS (ફેક્ટ્સ) : ફિંગરપ્રીન્ટ એનલિસીસ એન્ડ ક્રીમીનલ ટ્રેસીંગ સીસ્ટમ**

હાલની આ **AFIS (એફીસ)** સીસ્ટમ માટે જે સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં અવ્યો છે તેનું નામ **FACTS 7** છે.

અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનોમાં હયાત કોમ્પ્યુટરમાં નવી સીસ્ટમ સોફ્ટવેરની ગોઠવણી કરી લાઈવ ફિંગરપ્રીન્ટીંગ ઓન લાઈન ટ્રાન્સમીશન કાર્યરત કરવામાં આવેલ છે.





**(FACTS-7, Web Based latest Version)**

વધુમાં વધુ ગુનેગારોનો ફિંગરપ્રીન્ટ ડેટા બેન્ક તૈયાર કરી તેનો સંગ્રહ કરી શકાય અને તેના ઉપયોગથી વધુમાં વધુ ગુનેગારોની ઓળખ તાત્કાલિક પ્રસ્થાપિત થઈ શકે તે હેતુસર ડીએફએસ, ગાંધીનગર ખાતેના હાલના એફીસ સીસ્ટમને વેબ બેઝ્ડ સોલ્યુશનથી સજ્જ કરી તેનુ અધ્યતન વર્ઝનમાં રૂપાંતરણ કરવામાં આવ્યુ છે. આ સીસ્ટમના ઉપયોગથી અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનોમાં રોજેરોજ પકડાતા તહોમતદારોની આંગળાની છાપ લાઈવ સ્કેનર દ્વારા લઈ, તેના ફોટા સહિત તે છાપ, પોલીસ સ્ટેશંનથી સીધેસીધી ગાંધીનગર ખાતેની ડીએફએસ કચેરીના ફિંગરપ્રીન્ટ વિભાગના સેન્ટ્રલ ઓટોમેટેડ ફિંગરપ્રીન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ (AFIS) માં ટ્રાન્સમીટ થશે. અત્રેના ફિંગરપ્રીન્ટ ડેટા કે જે પાંચ લાખ ગુનેગારોનો રેકોર્ડ છે તેની સાથે ઓટો સર્ચ થઈ , ગુનેગારની અન્ય ગુનાઓમાં સંડોવણી, સજા વિગેરે માહિતી સંબંધિત પો. સ્ટે.માં ઓનલાઈન રીપોર્ટ તાત્કાલિક મેળવી શકાય છે. આ સીસ્ટમની સાથે રાજ્યના તમામ જીલ્લા મથકોને પણ સાંકળી લઈ કાર્યરત કરવામાં આવી રહ્યા છે. આ પ્રકારની અધ્યત્તન ટેકનોલોજીથી સજ્જ એવું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

**એફીસ સીસ્ટમ:-**

- આ સીસ્ટમમાં હાલમાં પાંચ લાખ ગુનેગારોનો ફિંગરપ્રીન્ટ રેકોર્ડ એટલે કે ૫૦ લાખ ફિં.પ્રીન્ટ છાપોનું સંગ્રહ કરવામાં આવેલ છે

- આ સીસ્ટમમાં  આંગળાની છાપોની ખાસીયતો જેવી કે, ડેલ્ટા, કોર, પેટર્નનો પ્રકાર, રેષાઓની વિશિષ્ઠતાઓ વિગેરે માહિતિનું ઓટોમેટીક સંગ્રહ થાય છે.
- સર્ચ સ્લીપોને સબમીટ કરવાથી તેનું ઓટો સર્ચ થઇ, તેનું ત્વરિત  પરિણામ મળે છે.
- આ સીસ્ટમમાં ગુન્હેગારની તમામ જરુરી માહિતિ – નામ, સરનામું, વય, પો.સ્ટે., ગુ.ર.નં, કલમ, સજાની સંપૂર્ણ વિગત, ફિં.પ્રી. વર્ગીકરણ  વિગેરેનો સંગ્રહ કરવામાં આવે છે. જરુર પડે જરુરી રિપોર્ટ મેળવી શકાય છે.
- ગુન્હાના સ્થળેથી મળી આવેલ ચાન્સ પ્રીન્ટોનું ઓન-લાઇન જોડાણ દ્વારા સેન્ટ્રલ ડેટાબેઝમાં સર્ચ કરાવી પરિણામ મેળવી શકાય છે.
- આ સીસ્ટમ સચોટ અને ઝડપી હોવાથી  ફિંગરપ્રીન્ટની કામગીરી માટે ખૂબ જ ઉપયોગી છે.




# ગુન્હાના સ્થળેથી મળી આવતી ગુન્હેગારની ફુટ પ્રીન્ટ (પગેરૂ)

સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિ ગુન્હો આચરીને નાશી જાય છે ત્યારે જે જગ્યાએથી તે ગયો હોય ત્યાં માટી, ધુળ, કાદવ, નદીની રેતી, ફર્શ વિગેરે ઉપર તેના પગના તળીયાની અથવા બુટ-ચપ્પલની છાપો રહી જતી હોય છે. આ પ્રકારની છાપો ગુન્હેગારનું પગેરુ શોધવામાં ખુબ જ ઉપયોગી નીવડે છે.

આ પ્રકારની છાપો દ્રશ્ય અથવા અદ્રશ્ય સ્વરૂપમાં હોઈ શકે છે. જે ગુન્હેગારની ઓળખ માટે અગત્યનો પુરાવો છે. આવી છાપોને પરીક્ષણ અર્થે ગુન્હાના સ્થળે થી એકત્રીત કરવા માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનો તેમજ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.


રૂમની અંદર ફર્શ ઉપર વિવિધ પ્રકારની લાઈટ નો ઉપયોગ કરી, ફુટ પ્રીન્ટ અથવા શુ પ્રીન્ટનું નીરિક્ષણ કરી શકાય છે.




**Dust mark Electrostatic Lifting Kit (DLK)**

**Dust Foot/Shoe print on floor, metal, glass or wood**

ઈલેક્ટ્રોસ્ટેટીક લીફટીંગ ડીવાઈસ દ્વારા ફર્શ ઉપરથી (ટાઈલ્સ, કોંકરેટ, લાકડુ, કાચ)ધુળવાળી ફુટ/શુ પ્રીન્ટ લીફ્ટ કરી શકાય છે.



## ફુટ પ્રીન્ટ કાસ્ટ:

ફુટ પ્રીન્ટ જમીન ઉપર પડેલુ હોય ત્યારે સૌ પ્રથમ તેનું નિરીક્ષણ કરી નક્કી કરવું જોઈએ કે, તે પોચી, ચીકણી જમીન ઉપર પડેલ છે કે નદી અથવા દરિયાની રેતીમાં છે. જો પગલું જમીન ઉપર પોચી, ચીકણી કે કાદવવાળી જગ્યા ઉપર પડેલુ હોય તો તેનું પ્લાસ્ટર ઓફ પેરીસનો ઉપયોગ કરી કાસ્ટ તૈયાર કરવામાં આવે છે.

**કાસ્ટ તૈયાર કરવા માટેની કીટ :-**

- ઊચ્ચ ગુણવત્તા ધરાવતુ પ્લાસ્ટર ઓફ પેરીસ પાવડર
- એલ્યુમીનીયમની ફ્રેમ
- વેસલીન, ટેલકમ પાવડર
- હેન્ડલવાળી તપેલી, ચમચો, પાણી માટે ડોલ, ટમ્બલર વિ.

**ફુટપ્રીન્ટ કાસ્ટ તૈયાર કરવાની રીત :-**

- સૌ પ્રથમ કીટની તમામ સાધન સામગ્રી યોગ્ય રીતે ગોઠવવી જોઈએ.
- ફુટપ્રીન્ટ ઉપર કોઈ કચરો હોય તો સાવધાની પુર્વક તેને દુર કરવું
- એલ્યુમીનીયમની ફ્રેમમાં વેસલીન લગાડી, યોગ્ય રીતે પગલું કેન્દ્ર સ્થાનમાં આવે તે રીતે ગોઠવવું.
- હેન્ડલવાળી તપેલીમાં ૧ લી. પાણી લઈ તેમાં પ્લાસ્ટર ઓફ પેરીસ પાવડર ધીરે-ધીરે નાંખતા હાથથી હલાવતા રહી યોગ્ય દ્રાવણ તૈયાર કરવું.
- તૈયાર દ્રાવણને ફ્રેમની એક બાજુથી ચમચાની મદદથી, પગલુ ડીસ્ટર્બ ન થાય તે રીતે રેડવું. અડધુ દ્રાવણ રેડાઈ ગયા પછી નેટ (જાળી) મુકી બાકીનું દ્રાવણ રેડવું.
- દ્રાવણ રેડયા બાદ ૩૦ મીનીટ પછી કોપીંગ પેન્સીલથી દીશા, લોકેશન, પો. સ્ટે., ગુ.ર. નં., તારીખ, સમય, સહી તેમજ બે પંચોની સહી લેવી.
- ૩૦ થી ૪૫ મીનેટ વચ્ચે કાસ્ટ તૈયાર થઈ જાય એટલે ફ્રેમ સાવધાની પૂર્વક ખોલી ૫ થે ૧૦ મીનેટ રાહ જોયા બાદ, કાસ્ટની આજુ-બાજુની વધારાની માટી પોચા  હાથે કાઢી નાંખ્યા બાદ, કાસ્ટને પાણીથી સાવધાની પૂર્વક સાફ કરવું અને ચત્તુ ઉભુ મુકવું.







